મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભુજ અને નોર્થ અમેરિકાથી પ્રકાશિત

# દિવ્ય ભાસ્કર

મહાનગર વર્ષ ૬ અંક ૯૪ મુંબઈ મંગળવાર, ૧૦ નવેમ્બર ૨૦૦૯ www.divyabhaskar.co.in કારતક વદ ૮ વિક્રમ સંવત ૨૦૬૬ કિંમત ૩.૦૦ રૂપિયા પાના ૧૪+૬

# સ્થૂળતા બાળકને ફિલ્મ 'પા...'ના અમિતાભ જેવું બનાવી શકે છે



**ભાસ્કર ન્યૂઝ** | મુંબઈ

માનસિક તણાવ અને પૌષ્ટિકતાહીન-ચરબીસભર આહાર શૈલી નાની ઉંમરમાં અતિસ્થૂળતા, મધુપ્રમેહ અને હૃદયરોગ જેવી સંખ્યાબંધ બીમારીઓ ઉપરાંત અકાળે વૃદ્ધાવસ્થા, પ્રોજેરિયા વગેરે સુધી પણ દોરી જાય એવું બની શકે. ટૂંકમાં શાળામાં ભણતા બાળક કે બાળકી અચાનક ફિલ્મ 'પા...'ના અમિતાભ બચ્ચન જેવા દેખાવા માંડે તો નવાઈ નહીં.

## એન્ટિ એજિંગ થેરાપી : સ્ટેમ સેલ્સ-હોર્મોન્સના ઉપચારો

"આ લાઈફસ્ટાઈલ ડિસીઝથી દૂર રહેવા માટે યોગ, વ્યાયામ, સાત્ત્વિક-પોષક આહાર વગેરે આવશ્યક છે. પરંતુ કોઈપણ કારણસર આ અકાળે વૃદ્ધાવસ્થા ત્રાટકે તો તેને માટે આધુનિક સારવાર પદ્ધતિ ઉપલબ્ધ છે, આ ઉપચાર પદ્ધતિમાં પ્રિવેન્ટિવ મેડિસિન, થેરાપ્યુટિક મેડિસિન, હોર્મોન રિપ્લેસમેન્ટ થેરાપી, સ્ટેમ સેલ્સ થેરાપી,ન્યુટ્રીજીનોમિક્સ, લાઈફ સ્ટાઈલ મેડિસિન્સનો સમાવેશ હોવાથી જીવન શૈલીને કારણે કે જેનેટિક કારણોસર પણ વૃદ્ધત્વ આવ્યું હોય તો તેને નિવારી શકાય," એમ ડો. દીપક ચતુર્વેદીએ જણાવ્યું હતું.

હોર્મોન્સ નિષ્ણાંત તથા એન્ટિ એજિંગ મેડિસિન એન્ડ રિસર્ચ (ઈન્ડિયા)ના સહસ્થાપક ડો. દીપક ચતુર્વેદીએ જણાવ્યું હતું કે ''બેઠાડુ જીવન, વ્યાયામના અભાવ, જરૂરી પોષણ વિનાનો આહાર, વ્યસનો, માનસિકતાણ વગેરેને લીધે તેમ જ જેનેટિક કારણોથી વધતી સ્થૂળતા ડાયાબિટિસ મેલિટસ-ટૂ, ઈન્સ્યુલિન રેઝિસ્ટનસ, મેટા બોલિક સિન્ડ્રોમ, શ્વાસની બીમારી, સ્લીપ અપનીયા (નિદ્રા રોગ), પથરી, નપુંસકતા, ડીપ્રેશન વગેરે વ્યાધિઓની હારમાળા સર્જાય છે. આ વ્યાધિઓ યુવાનીમાં જ નહીં કિશોર અવસ્થામાં પણ ઘડપણ લાવી શકે."

**સફેદ ડાઘ**

જડીબુટ્ટીઓ દ્વારા ૧૦૦% સફળ ઈલાજ

વૈદ્ય શ્રી જ્વાલા પ્રસાદ, ગીતા આયુર્વેદ, ભવન

09631962717, 09334729430, 06112-28930

**સેક્સ પ્રોબ્લેમ નો સફળ ઉપચાર**

ઇન્દ્રીયવર્ધક યંત્ર

અમારી આયુર્વેદિક દવાની નવી શોધના સેવનથી શીઘ્રપતન, સ્વપ્નદોષ,